# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૨/૧૨૨૮ તા.૦૮/03/૨૦૨૨

પરિપત્ર- ૨૬૪૪

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન એમ.પી.ટી, એમ.એસસી. નર્સિંગ અને પીબી.બી.એસસી.નર્સિંગ અભ્યાસક્રમની કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, તેમની કૉલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિધાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ નીચે દર્શાવેલ સમયપત્રક અનુસાર ઓનલાઈન ભરવાના રહેશે.

| વિગત | રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | દંડાત્મક ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| પોસ્ટ બેસિક. બી.એસસી. નર્સિંગ | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- સાથે તા.૦૯/03/૨૦૨૨ થી તા.૨૫/03/૨૦૨૨ સુધી | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- + લેઈટ ફી રૂ.૧૦૦ = ૩૦૦/- તા.૨૮/03/૨૦૨૨સુધી | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ + દંડાત્મક ફી રૂ. ૫૦૦ = ૮૦૦/- તા.૩૧/03/૨૦૨૨ |
| એમ.પી.ટી, એમ.એસસી નર્સિંગ | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૫૦૦/- સાથે તા.૦૯/03/૨૦૨૨ થી તા.૨૫/03/૨૦૨૨ સુધી | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૫૦૦/- + લેઈટ ફી રૂ.૧૦૦ = ૬૦૦/- તા.૨૮/03/૨૦૨૨સુધી | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૫૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ + દંડાત્મક ફી રૂ. ૫૦૦ = ૧૧૦૦/- તા.૩૧/03/૨૦૨૨ |

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ : એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા માટેની જરૂરી સૂચનાઓ.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન એમ.પી.ટી, એમ.એસસી. નર્સિંગ અને પીબી.બી.એસસી.નર્સિંગ અભ્યાસક્રમની કૉલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.


Address: Govt. Polytechnic Campus, RTO Road, Gadukpur, Godhra, Panchmahal, Gujarat-389001
Website: www.sggu.ac.in

Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

## સેમેપ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન/પરીક્ષા ફોર્મ સંબંધિત જરૂરી સૂચનાઓ

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન એમ.પી.ટી, એમ.એસસી. નર્સિંગ અને પીબી.બી.એસસી.નર્સિંગ અભ્યાસક્રમની કૉલેજોના આચાર્યશ્રીઓ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન/પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટેની નીચેની સૂચનાઓનું પાલન કરવા વિનંતી છે.

- કોલેજ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ અંગેનો પરિપત્ર ડાઉનલોડ કરી લેવો.
- આ યુનિવર્સિટીમાં સીધો પ્રવેશ મેળવનાર વિધાર્થીઓએ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
- સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરી, વેરીફાઈ અને સેવ કરવાનું રહેશે.
- સંબંધિત કોલેજ/માન્ય પી.જી. કેન્દ્ર દ્વારા એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સેવ કર્યા બાદ એનરોલમેન્ટ સ્લીપ જનરેટ કરવાની રહેશે. આ સ્લીપમાં ફીની વિગતો આવશે જે અનુસાર ફી ભરવાની રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ અને સેવ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે થી ભરવાની રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મની ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ અને આચાર્યશ્રીના સહી અને સિક્કા સાથેનો ચેકલીસ્ટ રીપોર્ટ પરીક્ષા આવેદનપત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં જમા કરાવવાના રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ વેરીફાઈ કરતા પહેલા તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ.
- અધુરી કે ખોટી વિગતોવાળા આવેલ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાંશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.
- વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરાવતા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના સ્તરે કરી લેવાની રહેશે. તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં ઓનલાઈન ભરેલી વિગતોની ચકાસણી કૉલેજ કક્ષાએથી કાળજીપૂર્વક કરવાનું રાખવું. વિદ્યાર્થીઓનું નામ, બેઠક નંબર, વર્ષ અને પરિણામ ખુબ ચોકસાઈ પૂર્વક ચેક કરવા.

- ગુજરાત બોર્ડ સિવાયના અન્ય બોર્ડ/શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર સિવાયની કૉલેજો/અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાસેથી પ્રોવિઝનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ/ફાઈનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ મેળવી લેવું **P.A.E.C./F.A.E.C.**નંબરની વિગતો ધ્યાનપૂર્વક એન્ટ્રી કરવી.જો તે પ્રમાણે કાર્યવાહી નહિ કરવામાં આવે તેનું ફોર્મ રદબાતલ થશે તથા તે અંગે સંપૂર્ણ અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે.
- એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા અંગેની ખાસ સૂચના :

f) વિદ્યાર્થીઓનો ફોટોગ્રાફ અને સહી જણાવ્યા પ્રમાણે ખાનામાં સમાય તે રીતે સ્કેન કરીને અપલોડ કરવા, તે જ ફોટો વિદ્યાર્થીની હોલટીકીટ અને માર્કશીટમાં આવશે અને તેની જાણ વિદ્યાર્થીને કરવી.તેમજ ફોર્મ ઉપર ફોટોગ્રાફ ચોંટાડવા નહિ અને સહી કરાવવી નહી.

g) એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મના દરેક ખાનામાં **CAPITAL LETTER** થી જ એન્ટ્રી કરવી.

h) વિધાર્થીઓના મોબાઈલ નંબર, આધારકાર્ડ, જન્મ તારીખ, પીનકોડ, બેંક એકાઉન્ટ નંબર વિગેરે જેવી આંકડાકીય માહિતી ખાસ ધ્યાન રાખીને એન્ટ્રી કરવી. (આંકડામાં ભૂલ ન થાય તે રીતે) કારણકે તે મોબાઈલ નંબરમાં વિધાર્થીઓને જરૂરી માહિતી સમયાંતરે મોકલવામાં આવશે.

i) એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં વિદ્યાર્થીઓના વિષયની એન્ટ્રી ખાસ કાળજી રાખવી. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં જે વિષય દર્શાવેલ હશે તે જ વિષય એક્ઝામ ફોર્મ, હોલ ટીકીટ અને માર્કશીટમાં આવશે જેની ખાસ નોંધ લેવી. કૉલેજ દ્વારા યુનિવર્સિટીમાં જમા કરાવેલ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં વિદ્યાર્થીએ લખેલ અને કોલેજે ખરાઈ કરેલ વિષય બદલવા માટે વિષય દીઠ રૂ. ૨૦૦૦/- ની ફી ભરવાની રહેશે તેમજ વિષય બદલવા માટે યુનિવર્સિટી દ્વારા જે નિર્ણય લેવાય તે અંતિમ રહેશે.

j) એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૧૫/૪૪ થી ૬૧૯ તા.૧૦/૦૮/૨૦૧૫ મુજબ દરેક વિદ્યાર્થીઓના આધાર નંબરની વિગત નિયત કોલમમાં અચૂક લખાવવાની રહેશે.

- ઈન્ટેક કેપેસીટી હોઈ તેટલા જ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરાવવાની જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.
- કોલેજે વિદ્યાર્થીઓના નામ અને વિષયવાળું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મનું ચેક લીસ્ટ નોટીસ બોર્ડ પર મુકવાનું રહેશે. તે અંગે ખરાઈ અર્થે વિદ્યાર્થીની સહી પણ લેવાની રહેશે. જેનું કોલેજો એ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- આચાર્ય મંડળ, અધ્યાપક મંડળ અને વહીવટી કર્મચારી મંડળ સાથે નિયત થયા અનુસાર યુનિવર્સિટી દ્વારા દરેક કોલેજ/માન્ય પી.જી. કેન્દ્રને એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ દીઠ રૂ.૨૦/- વહીવટી ખર્ચ પેટે ચુકવવામાં આવશે.
- સાંસ્કૃતિક ફી, રમત-ગમત ફી, વિદ્યાર્થી કલ્યાણફી તથા ડેવલોપમેન્ટ ફી તા.૧૫/૧૨/૨૦૨૦ના પરિપત્ર-૨૨૭૫ મુજબ ભરવાની રહેશે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૦/૪૬૨૯. તા.૧૫/૧૨/૨૦૨૦

પરિપત્ર- ૨૨૭૫.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ પ્રતિ સેમેસ્ટર દીઠ ભરવાની થતી સાંસ્કૃતિક, રમત-ગમત અને વિદ્યાર્થી કલ્યાણ ફી તેમજ ડેવલોપમેન્ટ ફી નીચેની વિગતે છે. જે અન્ય આદેશ ન થાય ત્યાં સુધી સત્ર શરુ થયેથી એક માસમાં શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી એક્ઝામીનેશન, ગોધરાના એક્સીસ બેન્કના ખાતા નં. ૯૧૮૦૧૦૦૮૬૧૬૬૧૪૭ (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં RTGS/NEFTથી તબદીલ/જમા કરાવી કોલેજના ફોરવર્ડીંગ લેટર સાથે રીસીપ્ટ યુનિવર્સિટી ખાતે મોકલી આપવાની રહેશે.

* લાગુ પડતી વિદ્યાર્થી દીઠ ફી.

| અભ્યાસક્રમ | સાંસ્કૃતિક પ્રવૃત્તિ ફી | રમત-ગમત ફી | વિદ્યાર્થી કલ્યાણ ફી | માત્ર પ્રથમ વર્ષ ડેવલોપમેન્ટ ફી (ફક્ત સ્વ-નિર્ભર કોલેજો માટે) પ્રતિ વર્ષ |
|---|---|---|---|---|
| બી.એ. | ૨૫ | ૨૫ | ૨૦ | ૫૦૦ |
| બી.કોમ. | ૨૫ | ૨૫ | ૨૦ | ૭૫૦ |
| બી.એસસી. | ૨૫ | ૨૫ | ૨૦ | ૨૦૦૦ |
| બી.એસ.ડબ્લ્યુ | ૨૫ | ૨૫ | ૨૦ | ૧૫૦૦ |
| બી.સી.એ. | ૨૫ | ૨૫ | ૨૦ | ૧૫૦૦ |
| બી.બી.એ. | ૨૫ | ૨૫ | ૨૦ | ૧૫૦૦ |
| એલએલ.બી. | ૨૫ | ૨૫ | ૨૦ | ૨૦૦૦ |
| બી.એડ. | ૨૫૦ | ૫૦ | ૫૦ | ૨૦૦૦ |
| બી.એચ.એમ.એસ. | ૨૫૦ | ૫૦ | ૫૦ | 3,00,000** |
| બી.આર્ક. | ૨૫૦ | ૫૦ | ૫૦ | ૫૦૦૦ |
| બી.પી.ટી. | ૨૫૦ | ૫૦ | ૫૦ | ૫૦૦૦ |
| બી.એસસી. નર્સિંગ | ૨૫૦ | ૫૦ | ૫૦ | ૫૦૦૦ |
| બી.ઓપ્ટોમેટ્રી. | ૨૫૦ | ૫૦ | ૫૦ | ૫૦૦૦ |
| પી.બી.બી.એસસી.નર્સિંગ | ૨૫૦ | ૫૦ | ૫૦ | ૫૦૦૦ |
| પી.જી.ડી.એસ.એચ.એમ. | ૨૫ | ૨૫ | ૨૦ | ૧૫૦૦ |

# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


| | | | | |
|---|---|---|---|---|
| એમ.એસ.ડબ્લ્યુ. | ૨૫ | ૨૫ | ૧૦૦ | ૩૦૦૦ |
| એમ.પી.ટી. | ૨૫ | ૨૫ | ૧૦૦ | ૭૦૦૦ |
| એમ.એ. | ૨૫ | ૨૫ | ૧૦૦ | ૨૦૦૦ |
| એમ.કોમ. | ૨૫ | ૨૫ | ૧૦૦ | ૩૦૦૦ |
| એમ.એસસી. | ૨૫ | ૨૫ | ૧૦૦ | ૩૦૦૦ |
| એમ.એડ. | ૨૫ | ૨૫ | ૧૦૦ | ૫૦૦૦ |
| એમ.બી.બી.એસ. | ૨૫૦ | ૫૦ | ૫૦ | ૭,૫૦,૦૦૦ |
| એલ.એલ.એમ | ૨૫ | ૨૫ | ૨૦ | ૫૦૦૦ |
| બી.એ.(ફે.ડીઝાઇનીંગ) | ૨૫ | ૨૫ | ૨૦ | ૧૫૦૦ |
| બી.એ.(ઈ.ડીઝાઈનીંગ) | ૨૫ | ૨૫ | ૨૦ | ૧૫૦૦ |

નોંધ

(૧) ચાલી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ સત્રની ઉપરોક્ત ફી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધીમાં ભરવાની રહેશે.

(૨) હવે પછીના સત્ર તથા શૈક્ષણિક વર્ષની ફી ઉપરોક્ત પરિપત્રમાં જણાવ્યા મુજબ અન્ય આદેશ ન થાય ત્યાં સુધી નિયત સમયમાર્યાદમાં યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની રહેશે.

(૩) ** બી.એચ.એમ.એસ. અભ્યાસક્રમમાં ડેવલોપમેન્ટ ફી ઇન્ટેક મુજબ ભરવાની રહેશે ઉપર જણાવેલ ફી ૫૦ વિદ્યાર્થીની સંખ્યા મર્યાદા માટે છે.૧૦૦ વિદ્યાર્થીની સંખ્યા મર્યાદા મુજબ પ્રતિ વર્ષ રૂ ૬,૦૦,૦૦૦/- ડેવલોપમેન્ટ ફી ભરવાની રહેશે.

(૪) સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૫ માં સીધો પ્રવેશ આપેલ કોલેજોએ સેમેસ્ટર-૧ માટે લાગુ પડતી વિદ્યાર્થી દીઠ ફી ભરવાની રહેશે.

કા.કુલસચિવ<br>
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી<br>
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.


Address: Govt. Polytechnic Campus, RTO Road, Gadukpur, Godhra, Panchmahal, Gujarat-389001
Website: www.sggu.ac.in